# શ્રી સનાતન જૈન ધર્મ
# શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના સચિત્ર દર્શન



**શ્રી શ્વેતાંબર તથા શ્રી દિગંબર જિનમંદિર અને સભામંડપના બહારનું દૃશ્ય**

પરમ જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આજ્ઞાંકિત શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)ના નિમિત્તે આ આશ્રમની સ્થાપના વિક્રમ સંવત ૧૯૭૬ માં થઈ છે. મુનિશ્રી લઘુરાજસ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ, તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ ''શ્રી લઘુરાજ આશ્રમ'' રાખ્યું, પરંતુ પોતાનું નામ કે સ્થાપના સરખી પણ નહીં રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને પરમ ગુરુભક્ત મહર્ષિ મુનિશ્રીએ એમ સૂચવ્યું કે શ્રીમદ્જીના આ સ્થૂળ કીર્તિસ્તંભનું નામ ''શ્રી સનાતન જૈન ધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'' રાખવું. તેથી તે પ્રમાણે આ આશ્રમનું નામ રાખવામાં આવ્યું છે. આ આશ્રમનો મૂળભૂત ધ્યેય શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયીઓ-તેઓ પ્રત્યે શ્રદ્ધા રાખનાર, ઉત્તમ રીતે ધર્મબોધ પામે તે છે.
શ્રી સનાતન જૈન વીતરાગ માર્ગની આરાધના અર્થે જ આ આશ્રમ છે.

**: અગાસ આશ્રમમાં પ્રતિદિન થતાં ભક્તિનાં કાર્યક્રમો :**

| | |
|---|---|
| પ્રભાતે ૪-૦૦ થી ૬-૩૦ ભક્તિ, આલોચના, સ્તવનાદિ | સાંજે ૬-૦૦ થી ૬-૪૫ દેવવંદન, આરતી (સૂર્યાસ્ત પ્રમાણે ફેરફાર) |
| સવારે ૯-૦૦ થી ૧૧-૪૫ ભક્તિ તથા પૂજાનો ક્રમ | રાત્રે ૭-૦૦ થી ૯-૩૦ ભક્તિ, વાંચન (સૂર્યાસ્ત પ્રમાણે ફેરફાર) |
| બપોરે ૨-૦૦ થી ૪-૧૫ ભક્તિ, વાંચન | રોજ ૧૦ કલાકની ભક્તિ આશ્રમમાં ૧૦૦ વર્ષથી ચાલે છે. |

(પર્વના દિવસોમાં કાર્યક્રમમાં તેમજ ઋતુ અનુસાર સમયમાં ફેરફાર કરવામાં આવે છે.)

**આશ્રમમાં આવનાર ભાઈ-બહેનોને ભક્તિના ક્રમમાં ભાગ લેવો આવશ્યક છે.**

# વિક્રમ સંવત્ ૧૯૫૪ માં શ્રીમદ્ રાજચંદ્ર આ અગાસ સ્ટેશન ઉપર પધારેલા




**"હે મુમુક્ષુ ! એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે."** – શ્રીમદ્ રાજચંદ્ર (વ. પૃ. ૪૮૨)


શ્રીમદ્ રાજચંદ્ર વર્ષમાં થોડા મહિના એકાંત સ્થાનોમાં નિવૃત્તિ અર્થે ઈડર, ઉત્તરસંડા, રાળજ, વડવા, કાવિઠા આદિ સ્થળોમાં જઈ નિવાસ કરતા. વિક્રમ સંવત ૧૯૫૪ માં શ્રીમદ્ રાજચંદ્ર કાવિઠા ગામ જવા માટે આ અગાસ સ્ટેશન ઉપર ઊતર્યા હતા અને સ્ટેશન ઉપર આવેલ વેઈટીંગ રૂમ જે આજે છે, તે જ રૂમમાં બિરાજ્યા હતા. શ્રી અંબાલાલભાઈ સાથે હતા. કાવિઠાથી તેમને લેવા ડમણિયું લઈ આવતાં બે થી અઢી કલાકનો સમય નીકળી ગયો. તે સમય દરમિયાન શ્રીમદ્ રાજચંદ્ર હાલમાં જ્યાં આશ્રમ છે તે ભૂમિ ઉપર આવ્યા હતા અને ધ્યાન પણ કર્યું હતું. વળી શ્રી અંબાલાલભાઈને આ આશ્રમની ભૂમિ વિષે જણાવ્યું હતું કે–

**'આ પુણ્યભૂમિ છે, તીર્થધામ થશે'** એમ લોકવાયકા છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રે ભાખેલ ભવિષ્યવાણી આજે સાકારરૂપમાં પ્રત્યક્ષ જણાય છે. આ ભૂમિના માહાત્મ્ય વિષે પ.પૂ. પ્રભુશ્રીજી જણાવે છે કે–


**"આ આશ્રમમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે. તે મહાન અદ્ભુત જ્ઞાની છે. આ પુણ્યભૂમિનું માહાત્મ્ય જુદું જ છે. અહીં રહેનારા જીવો પણ પુણ્યશાળી છે. પણ તે ઉપરથી દેખાય તેમ નથી; કારણકે ધન, પૈસો નથી કે લાખ બે લાખ દેખાય. અહીં તો આત્માના ભાવ છે. આત્માના ભાવ છે તે જ ઊંચામાં ઊંચી દશા પમાડે તેમ છે."** (ઉપદેશામૃત પૃ. ૪૩૩)

# સંદેસર ગામે થયેલ અગાસ આશ્રમની પૂર્વભૂમિકાનું મંડાણ



## અગાસ આશ્રમની ઉત્પત્તિના સક્ષપમા ઈતિહાસ

જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનો જન્મ વિક્રમ સંવત ૧૯૨૪ ની કાર્તિક પૂર્ણિમાનો છે. તેથી વિ.સં. ૧૯૭૬ ના કાર્તિક પૂર્ણિમાથી લગાવીને આઠ દિવસનો જન્મ-જયંતી અઠ્ઠાઈ મહોત્સવ અગાસ આશ્રમથી ૨ કિલોમીટર દૂર આવેલ સંદેસર ગામે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીની હાજરીમાં રાખવામાં આવ્યો હતો. તેમાં હજારો મુમુક્ષુઓએ ભક્તિ-સત્સંગનો લાભ લીધો હતો. આ ઉત્સવ સંદેસરના એક મુમુક્ષુભાઈ શ્રી જીજીકાકાના ખેતરમાં ઉજવાયો હતો. જીજીકાકા જન્મે વૈષ્ણવ પટેલ પણ ધર્મજિજ્ઞાસુ હતા. એકવાર વિ.સં. ૧૯૫૪ માં શ્રીમદ્ રાજચંદ્ર આણંદ પધારેલા. તે જાણવાથી તેમના મિત્ર મુનદાસ સાથે અનેક પ્રશ્નો કાગળમાં લખી તેઓ આણંદ ગયા હતા. ત્યાં વગર પૂછ્યે તે પ્રશ્નોનું સમાધાન શ્રીમદે કર્યું. તેથી અત્યંત પ્રભાવિત થઈ જીજીકાકાએ શ્રીમદ્‌ને સંદેસર ગામે પધારવા આજીજીપૂર્વક વિનંતિ કરી. ત્યારે શ્રીમદે કહ્યું– **'મુનિ આવશે.'** ઘણા વર્ષ પછી વિ.સં. ૧૯૭૬ ના કાર્તિક પૂર્ણિમાએ મુનિશ્રી પ્રભુશ્રીજીનું સંદેસર ગામમાં આગમન થયું, અને શ્રીમદ્‌જીની ભવિષ્યવાણી ફળી. સંદેસરમાં ભક્તિ પ્રસંગે ઘણા મુમુક્ષુઓ ભેગા થયા. તે વખતે પ.પૂ. પ્રભુશ્રીજીની વૃદ્ધાવસ્થાના કારણે તથા વાના દર્દને લઈને વિહાર થઈ શકે એમ નથી, માટે કંઈ આશ્રમ જેવું સ્થાન બને તો મુમુક્ષુઓ પણ ભક્તિ સત્સંગનો લાભ લઈ શકે એવી વિચારણા કરવામાં આવી. તે ઉત્સવની ભક્તિમાં સંદેસરના મુમુક્ષુ ભાઈશ્રી જીજીકાકાએ બહુ ઉલ્લાસમાં આવવાથી ૧૨ વીઘાનું ખેતર આશ્રમ બંધાવવા માટે ભેટમાં આપ્યું. તે જોઈ બીજા મુમુક્ષુઓએ પણ ફાળો ઉઘરાવવા ટીપ કરી. તેમાં ૧૭,૪૦૨/- રૂા.ની રકમ માત્ર અડધા કલાકમાં થઈ ગઈ, અને અગાસ આશ્રમની પૂર્વભૂમિકાનું મંડાણ થઈ ગયું.







## પરમગુરુ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર

**"અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ."**

—શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૯૦)

"પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ-અભિમાન."–(નિત્યક્રમ પૃ.૩૮)


"ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;
જે ગુરુ વાણી વેગળા, રડવડીયા સંસાર."–(નિત્યક્રમ પૃ.૨૮)

"અનન્ય શરણું તાહરુ પ્રભુ આ ભવે મુજને મલ્યું,
મુજ રાંકના હાથે અહોહો રત્ન ચિંતામણી ચઢ્યું;
સદ્ગુરુ કૃપાળુદેવ એવા શરણના દાતાર છે,
વંદન કરુ તુમ ચરણમાં ભાવે હજારો વાર રે."...

**" ધીંગો ધણી એક પરમકૃપાળુદેવ અમે જે કર્યો છે તે તમારા ગુરુ છે; અમે પણ તમારા ગુરુ નહીં, પણ અમે જે ગુરુ કર્યા છે તે તમારા ગુરુ છે."** – પ.પૂ.પ્રભુશ્રીજી

–(ઉપદેશામૃત પૃ.૯૭)

## અગાસ આશ્રમના અધિષ્ઠાતા
## પ.ઉ.પ.પૂ. શ્રી લઘુરાજસ્વામી
## (પ્રભુશ્રીજી) ના ઉદ્ગારો



**"શ્રદ્ધા એક ઉપર કરવી.**
**જ્યાં ત્યાં શ્રદ્ધા કરશો તો માર્યા જશો.**
**સ્વરૂપને પામેલા એક સત્પુરુષ**
**પરમકૃપાળુ ઉપર શ્રદ્ધા દૃઢ થશે તો**
**જપ, તપ, ક્રિયા માત્ર સફળ થઈ,**
**મનુષ્યભવ સફળ થઈ ગયો,**
**દીવો થયો,**
**સમકિત થયું સમજજો."**

—પ.પૂ. પ્રભુશ્રીજી (ઉપદેશામૃત પૃ. ૩૮૨)

### આશ્રમ કેટલું બાંધીશું?

આશ્રમ બાંધવાનો વિચાર થયા પછી રણછોડભાઈ, શંકરભગત આદિ મુમુક્ષુઓ રાયણ નીચે બેઠા હતા ત્યારે રણછોડભાઈએ કીધું કે આશ્રમ કેટલું બાંધીશું? પ્રભુશ્રીજી કંઈ બોલ્યા નહીં પણ ઊઠ્યા અને મેઘજી થોભણની ધર્મશાળા સુધી પોતાની લાકડી લબડાવી ચાલ્યા તેથી લીટો પડી ગયો. પછી અંદરના ઝાંપા સુધી આવી ઊભા રહ્યા.

### કૂવાનું ખોદકામ

બીજી વાર મુમુક્ષુઓ ભેગા થયેલા તે વખતે રણછોડભાઈએ પ્રભુશ્રીજીને જણાવ્યું કે પ્રભુ! બાંધકામ કરીએ પણ પાણીની જરૂર પડશે. માટે કૂવો ક્યાં કરવાનું રાખીએ? ત્યારે પ્રભુશ્રીએ રાયણ નીચેથી ચાલવા માંડ્યું. એઓ આગળ ચાલે ને ભાઈઓ પાછળ ચાલતાં ચાલતાં પ્રભુશ્રીજી જ્યાં ઊભા રહ્યા ત્યાં ભાઈશ્રીએ કોદાળી વતી નિશાન કરી દીધું. તે જગ્યાએ કૂવાનું ખોદકામ ચાલુ કર્યું. ચાલીશેક ફૂટ ખોદીને માટી કાઢી.

એક દિવસે ખોદકામ માટે મજૂરો કૂવામાં ઊતર્યા અને ખોદકામ કરતા હતા. તેટલામાં પ્રભુશ્રીજીએ એક માણસને જણાવ્યું કે પેલા કૂવો ખોદે છે તે મજૂરોને ત્યાં જઈ મોટે સાદે કહો કે બધા બહાર ચાલ્યા આવો. તેણે તેમ કર્યું અને મજૂરો બહાર આવી ગયા. થોડા સમય બાદ માટી ધસી પડી અને કૂવાનો ઘણો ભાગ પુરાઈ ગયો. પછી લાકડાની રંગી કરીને કૂવામાં ઉતારી કે જેથી માટી ઢળી ન પડે, અને ફરીથી ખોદકામ શરૂ કર્યું. એ પ્રમાણે ખોદકામ કરતા ૮૦-૯૦ ફુટે અખૂટ પાણીના ઝરા મળી આવ્યા અને મીઠું પાણી નીકળ્યું. મશીનથી રાત દિવસ પાણી કાઢે તો પણ ખૂટે નહીં તેમ બન્યું.

## શ્રી સનાતન જૈન ધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમનો પ્રથમ પ્રવેશદ્વાર




### દરવાજાની અંદર દેખાય છે તે દ્વિતીય પ્રવેશદ્વાર

‘‘પરમ કૃપાળુદેવે પ્રરૂપેલ સનાતન જૈન વીતરાગ માર્ગની પુષ્ટિ માટે જ આ આશ્રમ છે..... સનાતન જૈન માર્ગની પુષ્ટિ અર્થે ટ્રસ્ટીઓએ નીડરપણે વર્તવું. કોઈનું પણ અસત્ વર્તન ચલાવી લેવું નહીં.’’ –પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી (ઉપદેશામૃત પૃ. ૪૮૮)

‘‘સત્ શીલ સાચવવાનાં છે.... બધાને કહેવાનું કે જો અહીં આવી કોઈ આત્માના હિત સિવાય બીજું કંઈ કરે તો તેને સંઘે બહાર કાઢી મૂકવો.’’ (ઉપદેશામૃત પૃ. ૪૪૯)

### આ આશ્રમમાં આવનાર વ્યક્તિને પાળવાના મુખ્ય નિયમો :–

(૧) **ભક્તિના ક્રમમાં** સમયસર ભાગ લેવો.

(૨) **સાત વ્યસન–** જુગાર, માંસ, દારૂ, મોટી ચોરી, વેશ્યાગમન, શિકાર, પરસ્ત્રીગમનનો ત્યાગ.

(૩) **સાત અભક્ષ્ય–** વડના ટેટા, પીપળના ટેટા, પીપળાના ટેટા, ઉમરડાં, અંજીર, મધ અને માખણનો ત્યાગ.

(૪) **કંદમૂળ–** ડુંગળી, લસણ, બટાટા, શક્કરિયાં, ગાજર, સૂરણ, રતાળુ, મૂળા, આદુ, લીલી હળદર, વગેરેનો ત્યાગ.

(૫) **રાત્રિભોજન–** નો આશ્રમમાં નિષેધ છે.

(૬) **બ્રહ્મચર્ય પાલન–** આશ્રમમાં રહેનાર અને આવનાર સૌ ભાઈ-બહેનો માટે અનિવાર્ય અને આવશ્યક છે. આશ્રમનો પાયો સત્ અને શીલ છે. સત્ એટલે આત્મા સંબંધીની વિચારણા અને શીલ એટલે મુખ્યત્વે બ્રહ્મચર્યનું પાલન.

## શ્રી જિનમંદિર અને ભક્તિમંડપ આગળનો મુખ્ય પ્રવેશદ્વાર



**“ક્ષમા એજ મોક્ષનો ભવ્ય દરવાજો છે.”** –શ્રીમદ્ રાજચંદ્ર

જે પોતાના દોષોની બીજા પાસે ક્ષમા માગશે અને પોતે પણ બીજાના દોષોની ક્ષમા આપશે તે જ મોક્ષના ભવ્ય દરવાજામાં પ્રવેશ પામી શકશે. **“મોક્ષે જનાર જે હોય તેને જ ક્ષમા ગુણ પ્રગટે છે. જેટલી ક્ષમા તેટલું મુનિપણું છે.”** (બોધામૃત ૧ પૃ. ૨૦૨)

“પૂ. પ્રભુશ્રીજી કહેતા કે સત્પુરુષનાં દર્શન માટે તથા બોધ સાંભળવા જે વખતે વિચાર કરીને ડગલું ભર્યું કે ડગલે ડગલે જગનનું ફળ થાય છે. મોટા દરવાજાની જગ્યાએ પ્રથમ નાનો ઝાંપો હતો. ત્યારે પ્રભુશ્રીજીએ વાત કરેલી કે આ જગ્યાએ હાથી જાય તેવડો દરવાજો થશે.” (બોધામૃત – ૧ પૃ. ૫)

પૂ. પ્રભુશ્રીજીએ જ્ઞાનબળે કરેલી આ ભવિષ્યવાણી તે આજે આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. આશ્રમમાં ઊજવાયેલ અનેક ઉત્સવોમાં ત્રણ કે પાંચ હાથી અંબાડી સહિત સુખે આમાંથી પસાર થયા છે અને ભવિષ્યમાં પણ થશે.

પ.પૂ. પ્રભુશ્રીજીએ એકવાર જણાવેલું કે –

‘જેનું ઘણું પુણ્ય વધ્યું હશે તે જ આ દરવાજામાં પગ મૂકશે. અને જો તે અંદર આવી ગયો તો તેને ખબર ન પડે પણ કંઈને કંઈ લઈ જશે.’

દરવાજામાં પ્રવેશ કરતાં સામે દેવવિમાન જેવું જિનમંદિર અને સભામંડપ નજરે પડે છે.

## સભામંડપ (ભક્તિમંડપ) અને બહારના ચોગાનનું દૃશ્ય





### પ્રભુ ! થાંભલા વગરનો સભામંડપ બની શકે ?

જિનમંદિર પાસેનો સભામંડપ બાંધવાનો વિચાર થયો ત્યારે ભાઈશ્રી રણછોડભાઈને પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું : **પ્રભુ ! થાંભલા વગરનો મંડપ બની શકે ?** ત્યારે તેઓ ખંભાતથી એક ખોજા આર્કીટેક્ટને બોલાવી લાવ્યા. તેણે રાયણ નીચે ધૂળમાં થાંભલા વગરનો સભામંડપ દોરી બતાવ્યો. તે જોઈ **પ્રભુશ્રીજી બોલ્યા: વાહ ! પ્રભુ વાહ ! એવું જોઈએ.** તે પ્રમાણે આ જિનમંદિર પાસેનો સભામંડપ બનેલ છે.

## સભામંડપ (ભક્તિમંડપ) માં ચાલતી ભક્તિનું દૃશ્ય



**"ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે."** -શ્રીમદ્ રાજચંદ્ર (પૃ. ૪૩૦)

આ સભામંડપમાં પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના સ્વહસ્તે પરમકૃપાળુદેવનો તેમના દેહ પ્રમાણ માપનો મુખ્ય ચિત્રપટ વિક્રમ સંવત ૧૯૮૪ ના જેઠ સુદ ૫ ના રોજ પ્રતિષ્ઠિત થયેલ છે. તે મુખ્ય ચિત્રપટ બનાવવાની આજ્ઞા પ.પૂ. પ્રભુશ્રીજીએ શ્રી હીરાભાઈ ઝવેરીને કરી હતી. તેમણે વિદેશમાં આવેલ પેરીસ જઈ તે ચિત્રપટ બનાવ્યો હતો. આ ચિત્રપટને સ્ટીમરમાં લાવતાં સમુદ્રમાં તોફાન આવ્યું અને સ્ટીમર ડોલાયમાન થવા લાગી. શ્રી હીરાભાઈને મનમાં થયું કે આ મારા ભગવાનના ચિત્રપટને કંઈ આંચ ન આવવી જોઈએ, એમ માની બેય હાથમાં ચિત્રપટ પકડી રાખી અંતઃકરણમાં ઉલ્લાસપૂર્વક **"સહજાત્મસ્વરૂપ પરમગુરુ"** મંત્ર બોલવા લાગ્યા. થોડીવારમાં બધો ખળભળાટ શમી ગયો અને શાંતિ પ્રસરી ગઈ. આ સભામંડપમાં ઉપર ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે ભગવાનનું સમવસરણ ગોઠવી તેમાં ભગવાન મહાવીરના પંચધાતુના પ્રતિમાજી બિરાજમાન કરીને પ્રતિદિન પૂજાનું વિધાન સવારના અંદાજે ૯ થી ૧૨ વાગ્યા સુધી (૩ કલાક) કરવામાં આવે છે. ભક્તિના અંતમાં આરતી-મંગળદીવો કરી, અહો! અહો! નું પદ બોલી, પ્રણિપાતસ્તુતિ કરીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવે છે. આવી અદ્ભુત પ્રતિદિન ભક્તિ - સત્સંગની સાધના વિશ્વમાં ક્યાંય નજરે જોવામાં આવતી નથી.

આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવ સંપ્રદાય આદિના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે. આ પવિત્ર સત્સંગધામ, તીર્થશિરોમણી એવા આશ્રમની આ એક મુખ્ય વિશિષ્ટતા છે.

# આશ્રમના જિનમંદિરમાંના રંગમંડપનું દૃશ્ય



**"પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન."** –શ્રીમદ્ રાજચંદ્ર

**ઘંટાનાદ**



આ દેરાસરની બહાર એક ઘંટ લટકાવેલ છે. જે દિવસમાં પાંચ વાર દરેક ભક્તિની શરૂઆતમાં વગાડવામાં આવે છે. જેથી મુમુક્ષુઓના હૃદયમાં ભક્તિમાં જવાનો ભાવ ઊપજે છે. બીજા તીર્થોમાં માત્ર જમવા માટેનો ઘંટ વાગે છે. આશ્રમમાં પ.પૂ. પ્રભુશ્રીજીએ સત્સંગ અને ભક્તિનું વિશેષ માહાત્મ્ય ગાયું છે. માટે તેની સર્વને યાદી આપવા દિવસમાં પાંચ વાર આ ઘંટારવની આશ્રમમાં ગોઠવણ કરી છે. આ અલૌકિક પદ્ધતિ દેવલોકમાં જેમ સુઘોષા ઘંટાનાદ સર્વ દેવોને ભગવાનના પંચકલ્યાણકમાં જવાની યાદી આપે છે તેમ મુમુક્ષુઓના મનમાં ભક્તિ-સત્સંગમાં જવાની યાદી આપનાર આ ઘંટાનાદ છે કે ચાલો ભક્તિનો સમય થઈ ગયો છે.

શ્રી મગનભાઈ લક્ષ્મીદાસ જણાવે છે કે–

પ.પૂ. પ્રભુશ્રીજીની આજ્ઞાથી હું દરરોજ સમયસર ઘંટ વગાડી ભક્તિ શરૂ કરતો. એક દિવસ બપોરના કોઈના કહેવાથી મોડો ઘંટ વગાડ્યો, પણ સમયસર પૂ. શ્રી બ્રહ્મચારીજી ભક્તિમાં આવીને બેસી ગયા. મને પૂછ્યું કે કેમ ઘંટ વગાડ્યો નથી? જે બન્યું હતું તે મેં કહ્યું; ત્યારે પૂ. શ્રી બ્રહ્મચારીજી કહે – તેમ કરવું નહીં. સમયસર ઘંટ વગાડી દેવો.


**"સદ્ગુરુમાં ભૂલ ન થવી જોઈએ. એમાં ભૂલ થઈ તો બધામાં ભૂલ થાય."** –પૂ. શ્રી બ્રહ્મચારીજી

# જિનમંદિરમાં પ્રતિષ્ઠિત મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ આદિ ભગવાન



શ્રી શીતલનાથ ભગવાન





શ્રી સુવિધિનાથ ભગવાન



શ્રી આદિશ્વર ભગવાન



શ્રી શીતલનાથ ભગવાન

**"અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભ સ્વામીને નમો નમઃ" –શ્રીમદ્ રાજચંદ્ર**

**"શ્રીમત્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણી સ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો."** –શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૮૪૩)

"લાખો સુર-નર-પશુપંખીને ઉપકારી ભગવાન,
ક્ષુદ્ર સાધન-સામગ્રી મુજ, શું કરી શકું તુજ ગાન ?
જય અહો ! જિનેન્દ્ર મહાન,
જય દેવ જિનેન્દ્ર મહાન."–(પૂ. શ્રી બ્રહ્મચારીજી)

આ આશ્રમના શ્વેતાંબર જિનાલયમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુજીના પ્રતિમાજી કચ્છના શેઠ શ્રી જેઠાભાઈ નરસી કેશવજીએ પાલીતાણાની મૂળ ટુંકમાંથી આપેલ છે. તથા એક શ્રી આદિશ્વર ભગવાનના પ્રતિમાજી, એક શ્રી સુવિધિનાથ પ્રભુના પ્રતિમાજી, તેમજ બે શ્રી શીતલનાથ પ્રભુના પ્રતિમાજી શેઠ શ્રી નરસી નાથા ચેરીટી ફંડ તરફથી પાલીતાણાની તળેટીની ધર્મશાળામાંથી આપેલ છે.

ઉપર જણાવેલ પાંચેય પ્રભુજીની પ્રતિમાઓની પ્રતિષ્ઠા વિક્રમ સંવત્ ૧૯૮૪ ના જેઠ સુદ ૫ ના રોજ પ.ઉ.પ.પૂ.પ્રભુશ્રીજીની હયાતીમાં કરવામાં આવેલ છે.

## શ્રી શ્વેતાંબર મંદિરની ઉપર આવેલ શ્રી દિગંબર મંદિરના ગભારાનું દૃશ્ય


શ્રી ચંદ્રપ્રભ ભગવાન


શ્રી નેમિનાથ ભગવાન


શ્રી ચંદ્રપ્રભ ભગવાન


શ્રી પાર્શ્વનાથ ભગવાન


શ્રી શાંતિનાથ ભગવાન




## શ્રી દિગંબર મંદિરના ગભારાના બહારનું દૃશ્ય

અગાસ આશ્રમમાં જ્યારે દિગંબર મંદિરના મૂળનાયક શ્રી ચંદ્રપ્રભ ભગવાનના પ્રતિમાજી તથા શ્યામવર્ણના શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી લાવ્યા ત્યારે મુમુક્ષુઓએ કહ્યું કે કાલે સવારે ખોખામાંથી પ્રતિમાજીને બહાર કાઢીશું. પણ પ્રભુશ્રીજીએ કહ્યું – **'હમણાં જ લાવો.'** તેથી પ્રતિમાજીને લાવ્યા અને સભામંડપમાં મૂકી પ્રભુશ્રીજીની આજ્ઞાથી રાતના ૧૧ વાગે ઘંટ વગાડ્યો. પ્રભુશ્રીજી પ્રતિમાજીની સામે બેસી **'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે'** એ સ્તવન પોતે ગવરાવ્યું, અને બધાએ ઝીલ્યું. એકની એક લીટી ઉલ્લાસભાવે ૫-૭ વખત બોલાવરાવી હતી. આ ઉપરોક્ત જિન બિંબોની પ્રતિષ્ઠા વિક્રમ સંવત્ ૧૯૮૪ ના જેઠ સુદ ૫ ના રોજ કરવામાં આવી છે. તથા બીજા શ્રી ચંદ્રપ્રભ ભગવાનના પ્રતિમાજી પટણાથી પ્રાપ્ત થયેલ છે અને શ્રી શાંતિનાથ ભગવાનના પ્રતિમાજી બુરહાનપુરથી પ્રાપ્ત થયેલ છે. તેની પ્રતિષ્ઠા વિક્રમ સંવત્ ૧૯૮૮ના મહા સુદ ૧૦ ના રોજ કરવામાં આવી છે. તથા બાળ બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના ૫૧૧ વર્ષ જૂના પ્રતિમાજી શ્રી બનેડીયાજી તીર્થમાંથી લાવવામાં આવ્યા છે. તેની પ્રતિષ્ઠા વિક્રમ સંવત્ ૨૦૬૦ ના આસો વદી ૧ ના દિવસે કરવામાં આવેલ છે.

# ભૂમિગૃહમાં આવેલ શ્રી ગુરુમંદિર




**"પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન; જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ-અભિમાન."**

**પરમકૃપાળુદેવના પ્રતિમાજીના દર્શનથી પૂર્વ સંસ્કારીને સમ્યક્દર્શન**

વિક્રમ સંવત્ ૧૯૮૪ના જેઠ સુદ ૫ના રોજ ભૂમિગૃહમાં પરમકૃપાળુદેવના પ્રતિમાજીની પ્રતિષ્ઠા વખતે પ.પૂ. પ્રભુશ્રીજીને ઉમળકો આવવાથી પ્રતિમાજીને ભેટ્યા. પછી પાછળ ખસી સ્વમુખે બોલ્યા કે–'અંજનશલાકા થઈ. કોઈ પૂર્વનો આરાધક સંસ્કારી હશે તેને આ પ્રતિમાજીના દર્શનથી સમ્યક્દર્શનનું કારણ થશે.'

પરમકૃપાળુદેવના આ દેહપ્રમાણ આરસપાષાણના પ્રતિમાજી પ.પૂ. પ્રભુશ્રીજીની નજરતળે બનેલ છે. પ્રતિમાજી રેલ્વેમાં અગાસ સ્ટેશને આવ્યા ત્યારે વરઘોડો કાઢી પ.પૂ. પ્રભુશ્રીજી સાથે ઘણા મુમુક્ષુઓ બેન્ડવાજાં સહિત ઉલ્લાસપૂર્વક સ્ટેશન ઉપર લેવા ગયા હતા. ભૂમિગૃહમાં આ પ્રતિમાજીની જમણી બાજુ 'ૐકાર' પ્રણવમંત્રની સ્થાપના અને ડાબી બાજુ પરમકૃપાળુદેવના ચરણકમળની પ્રત્યાકૃતિની સ્થાપના થયેલ છે.

એકવાર પ.પૂ. પ્રભુશ્રીજીનું ચોમાસુ પૂનામાં હતું. ઘણા મુમુક્ષુઓ પ.પૂ. પ્રભુશ્રીજીના દર્શન-સમાગમ માટે પૂના ગયા હતા. તે વખતે ભગતજીને પ્રભુશ્રીજીએ પૂછ્યું કે આશ્રમમાં શું ચાલે છે? ત્યારે તેમણે કહ્યું કે ભોંયરાનું ખોદકામ ચાલે છે અને મુમુક્ષુઓ માટીના તગારા ભરી ભરીને બહાર કાઢે છે. ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું–

**'ભોળા! એ માટીના તગારા નોય એ તો સોનાનાં તગારાં છે!!'**

# દેરાસર - સભામંડપની સામેના ચોગાનનું દૃશ્ય



**"આ જગા કેવી છે, જાણો છો? દેવસ્થાનક છે!**
**અહીં જેણે આવવું તેણે લૌકિકભાવ બહાર, દરવાજા બહાર મૂકીને આવવું,**
**અહીં આત્માનું યોગબળ વર્તે છે."** –ઉપદેશામૃત (પૃષ્ઠ ૨૬૯)

આશ્રમની શરૂઆત થઈ ત્યારથી આ રાયણનું ઝાડ અહીં છે. એની નીચે બેસી પ.પૂ. પ્રભુશ્રીજીએ ઘણો બોધ આપેલ છે અને ભક્તિ કરાવેલ છે.

"પ્રભુશ્રીજી કહેતા કે આ રાયણ તળે ભક્તિ કરીએ છીએ તે રાયણના જીવને પણ લાભ થાય છે." –બોધામૃત- ૧ (પૃ. ૪૩૯)

"વળી કહેલ કે આ રાયણનો જીવ ભવ્ય છે. એનું કલ્યાણ થવાનું છે. સત્પુરુષ એની નીચે બેસે તો એની છાયા સત્પુરુષ ઉપર પડે, તેથી તેને પુણ્ય બંધાય. એમ કરતાં કરતાં જીવ મનુષ્યભવ પામે. એમ જાણે અજાણે પણ જીવને લાભ થાય છે, સંસ્કાર પડે છે." –બોધામૃત- ૧ (પૃ. ૫૦૬)

**"સત્સંગ, સત્પુરુષનો યોગ અનંત ગુણનો ભંડાર છે."** – શ્રીમદ્ રાજચંદ્ર (વ. પૃ. ૬૯૬)

**"સત્સંગ ને સત્યસાધન વિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહીં."** – શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૭૦૩)

આ આશ્રમના દેરાસરની સામે મુખ્ય પ્રવેશદ્વારની ઉપર ત્રીજે માળે હજારો પુસ્તકોના સંગ્રહવાળું એક પુસ્તકાલય છે અને ચોથા માળ ઉપર ખુલ્લી અગાસીની વચમાં આવેલ અષ્ટકોણ મંદિરમાં પરમકૃપાળુદેવની આરસની દેરી શોભે છે.

## મુખ્ય પ્રવેશદ્વાર ઉપરની દેરીમાં પ્રતિષ્ઠિત શ્રીમદ્જીના પંચધાતુના પ્રતિમાજી




**"સદ્ગુરુ પદમેં સમાત હૈ, અર્હંતાદિ પદ સર્વ;**
**તાતૈં સદ્ગુરુ ચરણકૂં, ઉપાસો તજી ગર્વ."**

દરવાજાની છેક ઉપર દેખાતા અષ્ટકોણ મંદિરમાં પરમકૃપાળુદેવની સુંદર કલાત્મક આરસપાષાણની દેરી છે. તેમાં કાયોત્સર્ગ ધ્યાનમુદ્રામાં શ્રીમદ્ રાજચંદ્રજીના પંચધાતુના પ્રતિમાજી છે.

"તે દેરી ઉપરથી નીચે ઉતરતાં એકવાર દલપતભાઈએ પ.પૂ. પ્રભુશ્રીજીને વાત કરી કે સસ્તા સાહિત્યનું પુસ્તક વાંચતા તેમાં લખ્યું હતું કે મોક્ષને માટે ૭૨ પગથીયાં છે. ત્યારે પ.પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું કે– આ દેરીના કેટલા પગથીયાં છે? ગણ્યા તો ૭૨ જ હતા." –(પ્રભુશ્રીજીના બોધની નોટ નં. ૩ પૃ. ૬)

પહેલાં પગથીયાં એમ જ હતાં. હાલમાં ફેરફાર થયેલ છે.

સંવત્ ૧૯૮૮ ના માહ સુદી ૧૦ ના દિવસે પરમકૃપાળુદેવના આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના સ્વહસ્તે કરવામાં આવેલ છે.

## નૂતન સભામંડપ (ભક્તિમંડપ)ના બહારનું દૃશ્ય



**"પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું, મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે."**(વ.પૃ.૩૩૫)

**"ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે, અને સીધા માર્ગે ચાલ્યું જવાય; અન્ય વિકલ્પો મટે. આવો એ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે."** (વ.પૃ. ૬૮૭)

### નૂતન સભામંડપ સંબંધીની વિગત


જિનમંદિર-દેરાસરની પાસે આવેલ મૂળ સભામંડપ પર્યુષણ, દીપાવલી આદિ પર્વના દિવસોમાં નાનો પડે છે. તે દિવસોમાં આશ્રમમાં લગભગ બે હજાર મુમુક્ષુઓ દશ દિવસ માટે અહીં રહી ભક્તિ-સત્સંગ કરે છે. તેથી આ નૂતન સભામંડપ ૧૨૦'×૮૦' ફુટનો કરોડોના ખર્ચે આરસ પાષાણનો બાંધવામાં આવ્યો છે. તેમાં ૧૦ હજાર સ્કવાઅર ફૂટનો સભામંડપ છે. તેને ફરતી ચારેય બાજુની ગેલેરીનો વિસ્તાર ભેગો કરવાથી કુલ ૧૭૦૦૦ સ્કવાઅર ફૂટનો થાય છે. તેમાં ૨૫૦૦ મુમુક્ષુ ભાઈ-બહેનો સાથે બેસીને ભક્તિ-સ્વાધ્યાય કરી શકે છે.

આ ભવ્ય સભામંડપ ૧૦૮ થાંભલા ઉપર બનેલ છે. તે બધા થાંભલા નીચે ભોંયરામાં આવેલ હોવાથી ઉપર અદૃશ્ય છે. બર્માટીકમાં બનેલ સભામંડપના દરવાજાઓ તેમજ તેના ચોગઠાઓ ઉપર પણ સુંદર કોતરકામ કરાવેલ છે. બહારની ગેલેરીમાંની છતો પણ સુંદર ડીઝાઈનથી યુક્ત હોવાથી આ ભક્તિમંડપની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

આ નૂતન સભામંડપના નીચે આવેલ ભોંયરાના અડધા ભાગમાં વેચાણ માટેના લાખથી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. બાકીના અડધા ભાગમાં પરમકૃપાળુદેવ, પ.પૂ. પ્રભુશ્રીજી તથા પૂ.શ્રી બ્રહ્મચારીજી આદિના જીવન ચરિત્રના ચિત્રોનું પ્રદર્શન છે.

**"વૈરાગ્ય ઉપશમનું બળ વધે તે પ્રકારનો સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય કરવો એ જીવને પરમ હિતકારી છે. બીજો પરિચય જેમ બને તેમ નિવર્તન યોગ્ય છે."** (વ. પૃ. ૪૧૪)

## નૂતન સભામંડપ (ભક્તિમંડપ) ના અંદરનું દૃશ્ય



**"સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે."** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૭૫)

આ નૂતન સભામંડપમાં શ્રીમદ્ રાજચંદ્રજીનો કાયોત્સર્ગ મુદ્રાનો ૧૩ ફુટ ઉંચાઈનો ગોલ્ડન ફ્રેમ સાથેનો ભવ્ય વિશાળ ચિત્રપટ મુખ્ય સ્થાને દર્શનાર્થે સ્થાપિત કરવામાં આવ્યો છે. આ ચિત્રપટની ત્રણ વિશેષતાઓ છે. આ ચિત્રપટ સામે ઊભા રહી નીચે ચરણકમળના બેય અંગૂઠા તરફ નજર રાખી, ડાબી કે જમણી, જે બાજુ આપણે ફરીશું તેના સાથે તે ચરણકમળ પણ ડાબી કે જમણી બાજુ વળી જશે. તેજ પ્રમાણે તેમની બેય આંખો ઉપર સામેથી નજર સ્થિર કરી, જે બાજુ આપણે ફરીશું તે તરફ તેમની આંખો પણ આપણી સામે જ જોતી જણાશે. ત્રીજી વિશેષતામાં વળી ચિત્રપટની મધ્યમાં આવેલ તેમના હાથની હથેલીમાં ધ્યાનથી જોતાં આંખનું ચિહ્ન દૃષ્ટિગોચર થશે.

પ.પૂ. પ્રભુશ્રીજી જણાવે છે કે–

**'વીતરાગની સભામાં, સમાગમમાં મોહનીય કર્મને બહાર જ બેસવું પડે છે.'** (ઉપદેશામૃત પૃ. ૯૩)

**"સાંભળ સાંભળ કર, પડ્યો રહે સત્સંગમાં; કોઈ દિવસે થશે, એમ પ્રભુશ્રીજી કહેતા."** –(બોધામૃત ભાગ-૧ પૃ. ૩૧૩)

**"ડહાપણવાળા, પંડિતાઈવાળા પણ શ્રદ્ધા પ્રતીત વગરના રહી જશે. અને છેલ્લા બેઠેલા બાળા-ભોળા અભણ પણ શ્રદ્ધાની પકડ કરી દેશે તેનું કામ થઈ જશે."** –(ઉપદેશામૃત પૃ. ૩૪૬)

## પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના અગ્નિસંસ્કાર સ્થાને બનેલ સ્મારક



અગાસ આશ્રમમાં પરમપૂજ્ય પ્રભુશ્રીજીના પવિત્ર દેહનો જ્યાં અગ્નિ સંસ્કાર કરવામાં આવેલ તે સ્થાને બનેલ દર્શનીય દેરી

## પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના અંતિમ ઉદ્‌ગારો

સં. ૧૯૯૨ના ચૈત્ર વદ ૬ ના રોજ પ.પૂ. પ્રભુશ્રીજી પ્રકાશે છે :—

‘‘આત્માને મૃત્યુ મહોત્સવ છે એક મૃત્યુ મહોત્સવ છે......એક આત્મા. બીજું કાંઈ નહીં. તેનો મહોત્સવ. મૃત્યુ મહોત્સવ. .....પરમકૃપાળુદેવનું શરણું છે તે માન્ય છે.... સૌ સંપે મળીને રહેજો. ....વિરામ પામું છું. વિરામ પામું છું. ખમાવું છું. એક આત્મા સિવાય બીજી વાત નથી. ....બધાય પરમકૃપાળુદેવની દૃષ્ટિવાળાનું કલ્યાણ છે. ભાવના છે એ મોટી વાત છે. ફૂલ નહીં અને ફૂલની પાંખડી. કૃપાળુદેવની દૃષ્ટિ ઉપર બધા આવે છે. સૌનું કામ થઈ જશે. બીજા લાખો હોય તોય શું?’’

સંવત્ ૧૯૯૨ ના વૈશાખ સુદ ૮ ના રોજ નિત્યનિયમાનુસાર દેવવંદન કરી અંતેવાસીઓને ‘અપૂર્વ અવસર’ બોલવાનું સૂચવેલ.

કૃપાળુદેવનું એ ભાવનાસિદ્ધ પદ પૂર્ણ થતાં રાત્રિના કલાક ૮ મીનીટ ૧૦ વાગ્યે બ્યાશી વર્ષની વયે એ મહાપુરુષનો પવિત્ર આત્મા પરમ સમાધિમાં સ્થિત થઈ, નાશવંત દેહનો ત્યાગ કરી પરમપદ પ્રત્યે પ્રયાણ કરી ગયો. અનંતશઃ અભિવંદન હો એ કલ્યાણમૂર્તિ પ્રભુશ્રીના પરમ પુનિત પદારવિંદને! અને એમણે દર્શાવેલ દિવ્ય શાશ્વત મોક્ષમાર્ગને!’’ —(ઉપદેશામૃત પૃ. [૭૮])

બીજે દિવસે મુમુક્ષુઓનો મોટો સમુદાય એકઠો થયો. પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના પાર્થિવ દેહને, પાલખીમાં પધરાવી, બપોરના ૧૨ વાગ્યે સ્મશાન યાત્રા નીકળી અને આખા આશ્રમની પ્રદક્ષિણા કરીને ચંદનના લાકડાની ચિતામાં આ સ્થાને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. તે સ્થાને બનેલ આ સ્મારક છે.

## પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના આ સ્મારકમાં તેઓશ્રીના ચરણ-પાદુકાજી




**“કૌન ઉતારે પાર, પ્રભુ બિન, કૌન ઉતારે પાર?**
**ભવોદધિ અગમ અપાર, પ્રભુ બિન, કૌન ઉતારે પાર?”**

આ સુંદર આરસ પાષાણની બનેલ દેરીમાં પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના ચરણકમળના દર્શન કરી પ્રદક્ષિણા કરતા મુમુક્ષુઓ આ “કૌન ઉતારે પાર”નું પદ બોલે છે.

પરમકૃપાળુદેવે પણ વચનામૃત પત્રાંક ૮૭૫ માં પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના આત્માના ગુણોની ઉત્કૃષ્ટતા જોઈને આ પ્રમાણે નમસ્કાર કર્યા છે :–

**“પરમકૃપાળુ મુનિવર્યના ચરણકમળમાં પરમ ભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.”**

આવા પરમોપકારી પરમપુરુષના ચરણકમળમાં અમારા સર્વના કોટિશઃ પ્રણામ હો.

સં. ૧૯૯૨ મહા વદ ૭, તારીખ ૧૪-૨-૧૯૩૬ ને રાત્રે દશેક વાગ્યે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના સ્વમુખે કહેલાં વચનોમાંથી થોડાં અહીં લખ્યાં છે :

“જેમ આત્મસિદ્ધિનો જન્મ આસો વદ ૧ નો છે; પરમકૃપાળુદેવનો જન્મ કાર્તિકી પૂનમે છે એમ એક તિથિ આ દેહ પણ પડશે ત્યારે નક્કી થશે... તે દિવસ ઉઘાડો ફૂલ જેવો પછી તો જણાશે. તે દિવસે આત્મસિદ્ધિની ભક્તિ કરવી, ઉત્સવનો દિવસ ધર્મમાં ગાળવો, અને જમણવાર થાય તે બધા જે આવે તે જમી જાય. પણ તે દિવસે મરણતિથિએ જમણ થાય? એમ પોતે પ્રશ્ન ઉઠાવ્યો. પોતે જ જવાબ વાળ્યો કે તે જન્મતિથિ કે મરણતિથિ નહીં પણ આત્માની તિથિ ગણવી; એટલે જમણ કરવામાં કંઈ બાધ નથી. **તે એક દિવસે આત્મસિદ્ધિની ભક્તિ જે કરશે તેને હજાર ઉપવાસનું ફળ થાય તેટલો લાભ થશે. તેમાં પોસહ, જપ, તપ, સંજમ બધું આવી જાય છે.”** (બો.-૩ પત્રાંક ૩૨૯)

તે પ્રમાણે આશ્રમમાં દર વર્ષે વૈશાખ સુદ ૮ અને ૯, આ બે દિવસની ઉજવણી પર્વરૂપે કરવામાં આવે છે. વૈશાખ સુદ ૮ ના દિવસે સભામંડપમાં સમાધિમરણની છત્રીસ માળાઓ રાતના ૮ થી ૧૧ વાગ્યા સુધી ગણાય છે અને ૧૧ થી ૧૨ વાગ્યા સુધી પ.પૂ. પ્રભુશ્રીજીની દેરી ઉપર જઈ મુમુક્ષુઓ ભક્તિ કરે છે. તેમજ વૈશાખ સુદ ૯ ના દિવસે સવારના ૯ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી સભામંડપમાં આત્મસિદ્ધિની પૂજા, ભક્તિ મુમુક્ષુઓ ભાવપૂર્વક કરે છે.

# પરમ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના અગ્નિસંસ્કાર સ્થાને બનેલ દેરી



શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસમાં પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના અગ્નિસંસ્કાર સ્થાને બનાવેલ દેરી

**"મંત્રે મંત્ર્યો, સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ; જ્યાં ત્યાં જોવું, પર ભણી ભુલી, બોલ ભૂલું પરાયા;**
**આત્મા માટે, જીવન જીવવું, લક્ષ રાખી સદા એ, પામું સાચો, જીવન-પલટો, મોક્ષ-માર્ગી થવાને."**

– પૂ. શ્રી બ્રહ્મચારીજી

આ સ્થળે મુમુક્ષુઓ આ પદ બોલી નમસ્કાર કરે છે.

## પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની અંતિમ આરાધના

કાર્તિક સુદ ૭, વિ. સં. ૨૦૧૦ ના રોજ પ.પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશામૃતની પ્રેસકોપી તૈયાર કરવાનું કાર્ય સાંજના ૪ વાગ્યે પુરું કરી પૂ.શ્રી બ્રહ્મચારીજી લોટો લઈ જંગલમાં જઈ આવી હાથપગ ધોઈ રાજમંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ ધ્યાનમાં ઉભા રહ્યા. પ્રતિદિન ધ્યાન ૫-૭ મિનિટમાં પૂરું થઈ જાય પણ આજે તો ૨૦-૨૫ મિનિટ ચાલ્યું. અંતમાં પૂજ્યશ્રીનો દેહ સાયંકાળે ૫-૪૦ મિનીટે કાયોત્સર્ગ મુદ્રામાં ૨-૩ વાર ડાબે જમણે ડોલાયમાન થઈ એકદમ નીચે ઢળી પડ્યો. પાછળ ઊભેલા મુમુક્ષુઓએ નાડી તપાસી તો પૂજ્યશ્રીનો દેહ છૂટી ગયો હતો. આવું કાયોત્સર્ગ મુદ્રામાં અદ્‌ભુત સમાધિમરણ નિહાળી બધા આશ્ચર્ય પામ્યા કે અહો! મરણની કેવી કપરી વેદના તેને પણ તેમણે કાયોત્સર્ગ મુદ્રામાં સ્વરૂપમગ્ન બની સહન કરી. પરમકૃપાળુદેવની સમક્ષ તેમના શરણે જ ઊભા ઊભા આ નશ્વર દેહનો ત્યાગ કરી અપૂર્વ એવું સમાધિમરણ સાધ્યું. આખી રાત તેમની સમક્ષ ભક્તિ અને મંત્રસ્મરણની ધૂન ચાલી. સવારે નવ વાગતાં સુધીમાં મુમુક્ષુઓની ભારે મેદની આશ્રમમાં એકત્ર થઈ ગઈ. અગ્યાર વાગે પૂજ્યશ્રીની પાલખી સહ સ્મશાન યાત્રા નીકળી. આશ્રમની પ્રદક્ષિણા કરી એક વાગે અગ્નિસંસ્કાર સ્થળે પહોંચ્યા.

અંતમાં આશ્રમના વિદ્વાન ટ્રસ્ટી શ્રી અમૃતલાલ પરીખે આંખમાં વિરહના આંસુ સહ ગુણગ્રામ કરી અંતિમ ભાવ અંજલિ અર્પી પંચાંગ નમસ્કાર કર્યા. તે સમયના દૃશ્યે બધાને ભાવવિભોર કરી દીધા. પશ્ચાત્ ચંદનના લાકડાથી ખડકેલી ચિતામાં પૂજ્યશ્રીના દેહને પધરાવી અગ્નિસંસ્કાર ઘી હોમી કરવામાં આવ્યો હતો. તે સ્થાને બનેલ આ દેરી છે.

## શ્રી રાજમંદિર – આજ્ઞાભક્તિ લેવાનું પવિત્ર સ્થળ તથા શાંતિભુવન



**પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી અને પૂ. શ્રી બ્રહ્મચારીજીના નિવાસસ્થાનો પણ અહીં આવેલાં છે**

સંવત ૧૯૭૬ થી ૧૯૯૨ સુધી આશ્રમમાં રહી પ.પૂ. પ્રભુશ્રીજીએ એક અનન્ય ભક્તિક્રમ પ્રતિદિન ૧૦ કલાકનો ગોઠવી આપ્યો છે; જે લગભગ ૧૦૦ વર્ષથી તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે આ આશ્રમમાં ચાલી રહ્યો છે.

આ આશ્રમની ભૂમિ પર પ.પૂ. પ્રભુશ્રીજીએ ૧૪ ચોમાસા કર્યાં છે. રાજગૃહી તીર્થ સમાન આ ભૂમિ તેમના ચરણસ્પર્શથી પાવન થયેલ છે. તેમની પવિત્ર ચેતનાથી સ્પર્શાયેલ પરમાણુઓનો શાંત અનુભવ આજે પણ ઘણાને થાય છે. તેમજ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ પણ ૧૧ વર્ષ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીની સેવામાં રહી આ આશ્રમમાં વિતાવ્યા છે અને ત્યારબાદ ૧૮ વર્ષ સુધી આ આશ્રમમાં સ્થિરતા કરવાથી આ ભૂમિના કણેકણ પાવન થયેલ છે.

**"પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે."** –(બોધામૃત ભાગ-૩ પત્રાંક ૧૨૧૦)

**"જ્ઞાનીને ઓળખો; ઓળખીને એઓની આજ્ઞા આરાધો."** –શ્રીમદ્ રાજચંદ્ર (વ. પૃ. ૬૬૯)

**"વીસ દુહા, ક્ષમાપના– આટલું પણ જો સંત પાસેથી મળ્યું હોય તો ઠેઠ ક્ષાયિક સમકિત પમાડશે; કારણકે આજ્ઞા છે, તે જેવી તેવી નથી."** –પ.પૂ. પ્રભુશ્રીજી (ઉ.પૃ. ૩૬૯)

**"આજ્ઞા આરાધન યોગ્ય થવા માટે સદાચરણ સેવવાની જરૂર છે. તે ન હોય તો બધું નકામા જેવું થાય છે. માટે પ્રથમ સાત વ્યસનના ત્યાગની જરૂર છે. તથા પાંચ અભક્ષ્ય ફળ અને મધ, માખણ, ત્યાગવા યોગ્ય છે."** – પૂ. શ્રી બ્રહ્મચારીજી (બો. ૧ પૃ. ૧૦ )

## આશ્રમનો સૌથી પહેલો ભક્તિમંડપ તે આ શાંતિભુવન



આશ્રમની શરૂઆતમાં સૌથી પ્રથમ ભક્તિ-સત્સંગ કરવા માટે આ સભામંડપ બનાવવામાં આવ્યો હતો. અમુક વર્ષો પછી મુમુક્ષુ સમુદાય વધી જવાથી તેથી મોટો સભામંડપ, જિનદેરાસરની પાસે નવો બનાવવામાં આવ્યો. તે પણ સમય જતાં પર્યુષણ આદિ પર્વોમાં નાનો પડવાથી આથી પાંચ ગણો મોટો નૂતન સભામંડપ બાંધવામાં આવ્યો છે.

આ શાંતિભુવન, હાલમાં જે વૃદ્ધ મુમુક્ષુ ભાઈ-બહેનો દાદરા ચઢી શકે નહીં, તે બધા ભક્તિના ક્રમ વખતે હાજર રહી, અહીં બેસી ભક્તિ-સ્વાધ્યાય, સ્પીકર મારફત સાંભળી કરે છે. હાલમાં પર્યુષણ પર્વમાં દેવવંદન પછી મુમુક્ષુબહેનો પ્રતિક્રમણ ત્યાં કરે છે. અહીં શ્રીમદ્જીનો પદ્માસન મુદ્રાનો ભવ્ય ચિત્રપટ સ્થાપન કરેલ છે. એક દિવસ શાંતિભુવનમાં પ.પૂ. પ્રભુશ્રીજી બોધ કરતા હતા ત્યારે મુમુક્ષુઓને કહ્યું– મોક્ષ જોવો છે? પછી પરમકૃપાળુદેવના ચિત્રપટ તરફ આંગળી કરી બતાવ્યું– 'જુઓ આ મોક્ષ' એમ ત્રણ વાર કહ્યું હતું. પરમકૃપાળુદેવનો આત્મા મોક્ષસ્વરૂપ છે. **'તું છો મોક્ષસ્વરૂપ.'**

એકવાર પ્રભુશ્રીજીએ બ્ર. મોહનભાઈને ભક્તિમાં જવા કહ્યું. તે ગયા પણ ત્યાં કોઈ નહીં હોવાથી પાછા આવી પ્રભુશ્રીજીને કહ્યું – પ્રભુ, ત્યાં કોઈ નથી. ત્યારે પ્રભુશ્રીજીએ જવાબમાં કહ્યું કે તારે ભક્તિ કરવી છે તો તું ત્યાં છે અને જેની ભક્તિ કરવી છે તે પરમકૃપાળુદેવ પણ ત્યાં છે, તો પછી બીજા કોઈ ત્યાં હોય તોય શું અને ન હોય તોય શું?

એકવાર બ્ર. મોહનભાઈ ભક્તિમાં ન આવ્યા ત્યારે પ. પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું કે મોહન કેમ આજે ભક્તિમાં ન આવ્યો. બ્ર. મોહનભાઈ કહે – બાપા! હું ખેતરમાં નેંદવા ગયો હતો. પ્રભુશ્રીજી કહે – મજૂર રાખે તો કેટલો ખર્ચ થાય? બ્ર. મોહનભાઈ કહે – બે આના. પ્રભુશ્રીજી કહે – બે આના વધારે કે લાખ રૂપિયાની ભક્તિ વધારે. બે આના બચાવવા લાખ રૂપિયાની ભક્તિ ખોઈ.

# શ્રી શાંતિભુવનના ઉપરનું દૃશ્ય



આ શાંતિભુવન ઉપરનો ભાગ પ્રથમ તૈયાર થયા પછી અહીં ચિત્રપટની જમણી બાજુ ખૂણામાં પ.પૂ. પ્રભુશ્રીજીને માટે એક લાકડાની ફ્રેમમાં કાચની કેબીન બનાવવામાં આવી હતી. તેની બહાર એક સુંદર કબાટમાં પરમકૃપાળુદેવના ચિત્રપટની તેમના દર્શનાર્થે સ્થાપના કરવામાં આવી હતી. તે ચિત્રપટના કબાટ પાસે ડાબી બાજુ પ.પૂ. પ્રભુશ્રીજી પાટ ઉપર બિરાજમાન થઈ મુમુક્ષુઓને બોધ આપતા હતા.

પૂ.શ્રી બ્રહ્મચારીજી આ સ્થાને પ્રતિદિન મુમુક્ષુ સાથે દેવવંદન પછી પ્રતિક્રમણ કરતા હતા. પ.પૂ. પ્રભુશ્રીજીના વખતનો પરમકૃપાળુદેવનો ચિત્રપટ જીર્ણ થઈ જવાથી તેજ સ્થાને સુંદર સીસમનો ગોખ બનાવી અગાસ આશ્રમના સો વર્ષના ઉત્સવમાં ધામધૂમપૂર્વક પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના મુમુક્ષુઓના દર્શનાર્થે કરવામાં આવી છે.

એક વખતે પ.પૂ. પ્રભુશ્રીજી બોધ આપતા હતા ત્યારે એક ભાઈ જે શાળાના પ્રિન્સીપાલ હતા. તેમને બોધ સાંભળી વિકલ્પ થયો કે આ મહારાજ ધર્મની વાતો કરે તે કોણ જાણે ખરી હશે કે ખોટી? તે જ સમયે અંતર્યામી પ.પૂ. પ્રભુશ્રીજી બોલ્યા કે– ‘‘ચાર આનાનું માટલું લેવા જઈએ તો દસ ટકોરા મારીએ કે તે ફૂટેલું કે તરાડવાળું તો નથી ને! પાંચ રૂપિયાનો ધોતી જોટો લેવા જઈએ તો પાંચ દુકાને ફરીએ કે ઠગાતો તો નથીને! તો સાચો ધર્મ લેવા નીકળ્યા છો તો શા માટે ચોકસાઈ ન કરવી? જેટલી શક્તિ હોય તેટલી ચોકસાઈ કરવી અને પછી સાચો લાગે તો જ ગ્રહણ કરવો.’’


પ.પૂ. પ્રભુશ્રીજીએ આ મનના ભાવ જણાવવાથી, આ જ સાચું છે એમ તેમને શ્રદ્ધા થઈ ગઈ અને જીવનભર પ.પૂ. પ્રભુશ્રીજીના કહેવાથી પરમકૃપાળુદેવના ભક્ત બનીને રહ્યા.

**‘‘ગુરુ થવું મહા જોખમદારીનું કામ છે.’’** (ઉપદેશામૃત પૃ. ૨૯૬)


# અગાસ આશ્રમની આગવી વિશેષતા


# આજ્ઞાભક્તિ - સ્મરણમંત્ર લેવાનું સ્થળ











ॐ

અનન્ય શરણના આપનાર પરમકૃપાળુ શ્રીમદ રાજચંદ્ર સદગુરુદેવને અત્યંત ભકિતથી ત્રિકાળ નમસ્કાર હો.

પરમ કૃપાળુ સદગુરુદેવ શ્રીમદ રાજચંદ્ર પ્રભુએ અનંત કરુણા કરીને ચૌદ પૂર્વના સારરૂપ જે મહામંત્ર તથા નિત્યનિયમાદિ સાધનો પ.પૂ. પ્રભુશ્રીજીને આપેલ તથા સૌ કોઈ કલ્યાણની ઈચ્છાવાળા જિજ્ઞાસુઓને આપવા તેઓશ્રીને આજ્ઞા કરેલ, તે તેઓશ્રીએ તે સાધનની ઈચ્છાવાળા મુમુક્ષુઓને આપવા પૂ. બ્રહ્મચારીજીને આજ્ઞા કરેલ. તે આત્મશ્રેયકારી સાધનોની આજ્ઞા આપનાર આજે કોઈ નહિ હોવાથી તે આજ્ઞાના આરાધનની ઈચ્છાવાળા ભાવિક મુમુક્ષુઓએ પ.પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશ અનુસાર નીચે મુજબ કર્તવ્ય છે.

મંત્ર સ્મરણઃ-

'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એ મહાચમત્કારિક મંત્ર છે. સંભારતાં, યાદ કરતાં, બોલતાં, વૃત્તિ તેમાં વાળતાં કોટિ કર્મ ખપે છે, શુભ ભાવ થાય છે, શુભ ગતિ અને મોક્ષનું કારણ થાય છે. મરણ સમયે ચિત્તવૃત્તિ મંત્રસ્મરણમાં કે તે સાંભળવામાં જોડાય તો ગતિ સારી થઈ જાય અને જન્મમરણથી મુકત થવાનું સમર્થ કારણ થાય છે. આ મંત્રની ત્રણ કે પાંચ માળાનો નિત્યનિયમ રાખવા યોગ્ય છે.

નિત્યનિયમઃ-

ભકિતના વીસ દુહા. યમનિયમ. ક્ષમાપનાનો પાઠ વિગેરે રોજ ભકિત કરવી. તેથી કોટિ કર્મ ખપી જશે. સારી ગતિ થશે. એકલો આવ્યો છે. એકલો જશે. ભકિત કરી હશે તે ધર્મ સાથે જશે. આત્માને સુખ પમાડવું હોય તો પૈસો ટકો કાંઈ સાથે આવશે નહિ. એક ભજન ભકિત કરી હશે તે સાથે આવશે. ઘણા ભવ છૂટી જશે. માટે આ કર્તવ્ય છે. તેથી મનુષ્ય ભવ સફળ થશે.

સાત વ્યસનનો ત્યાગઃ-

જુગાર, માંસ, દારૂ, મોટી ચોરી, વેશ્યાગમન, શિકાર, પરસ્ત્રીગમન એ સાત વ્યસનનો ત્યાગ કર્તવ્ય છે.

સાત અભક્ષ્યનો ત્યાગઃ-

વડના ટેટા, પીપળના ટેટા, પીપળાના ટેટા, ઉમરડાં, અંજીર, મધ અને માખણ એ સાત અભક્ષ્યનો ત્યાગ કર્તવ્ય છે.

# આજ્ઞાભક્તિ લેવાનું અપૂર્વ માહાત્મ્ય



**"જ્ઞાનીની એક આજ્ઞા આરાધતાં અનેકવિધ કલ્યાણ છે."** –શ્રીમદ્ રાજચંદ્ર (પૃ. ૬૬૯)

અનંતકાળમાં અનંતવાર દીક્ષા લઈને જપ તપાદિ ધર્મના સર્વ સાધન કર્યાં છતાં પણ જીવનું ચાર ગતિનું પરિભ્રમણ ટળ્યું નહીં. કેમકે તે સ્વચ્છંદે કર્યા અથવા કુગુરુ આશ્રયે કર્યા; પણ આત્મજ્ઞાની સત્પુરુષની આજ્ઞાએ નહીં કર્યા. આત્મજ્ઞાની પુરુષો જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવી શકે.

**'સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'** (વ.પૃ. ૪૫૧)

માટે હવે 'જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એજ ધર્મ, એ જ તપ' માની પરમકૃપાળુદેવ દ્વારા જણાવેલ આજ્ઞાભક્તિ ગ્રહણ કરવાનું આ સર્વોત્તમ સ્થળ છે.

આત્મહિતાર્થે હે પ્રભુ, યમનિયમ, ક્ષમાપના; આ ત્રણ પાઠ અને 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્ર સ્મરણની માળા પરમકૃપાળુદેવની આજ્ઞાથી અહીં લેવાય છે.

**સાત વ્યસન :–** જુગાર, માંસ, દારૂ, મોટી ચોરી, વેશ્યાગમન, શિકાર તથા પરસ્ત્રીગમનનો ત્યાગ પરમકૃપાળુદેવની આજ્ઞાથી અહીં કરાય છે. જેથી મન પવિત્ર બની આત્મજ્ઞાનને યોગ્ય થાય છે.

**સાત અભક્ષ્ય :–** વડના ટેટા, પીપળના ટેટા, પીપળાના ટેટા, ઉમરડા, અંજીર, મધ અને માખણનો ત્યાગ અહીં પરમકૃપાળુદેવની આજ્ઞાથી કરાય છે.

સંવત્ ૧૯૫૪ માં વસો ગામે પરમકૃપાળુદેવે પ.પૂ. પ્રભુશ્રીજીને આ સ્મરણમંત્ર વગેરે આત્માર્થ સાધન આત્મ કલ્યાણના જિજ્ઞાસુ જીવોને આપવાની આજ્ઞા કરેલ. તે જ આત્માર્થ સાધન પ.પૂ. પ્રભુશ્રીજીએ પૂજ્યશ્રી બ્રહ્મચારીજીને યોગ્ય જીવોને આપવાની આજ્ઞા કરેલ. હવે તે આજ્ઞા આપવાનો કોઈને અધિકાર નહીં હોવાથી પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ તેઓશ્રીને પ્રત્યક્ષ માની બાજુમાં રહેલ શિલાલેખ વાંચી **'સંતના કહેવાથી કૃપાળુદેવની આજ્ઞા મારે માન્ય છે'** (ઉપદેશામૃત પૃ. ૨૭૩) એમ કહી આજે પણ આ આજ્ઞા-મંત્રસ્મરણ અહીં લઈ શકાય છે. આ અગાસ આશ્રમની આગવી વિશેષતા છે.

પ.પૂ. પ્રભુશ્રીજીએ તેમજ પૂ. શ્રી બ્રહ્મચારીજીએ હજારો મુમુક્ષુઓને આ ઉપર જણાવેલ આજ્ઞાભક્તિ આ સ્થાને આપી મોક્ષમાર્ગે ચઢાવ્યા છે.

# આજ્ઞા આપવાના અધિકારની સોંપણી





પરમકૃપાળુદેવે વસો ગામે મુમુક્ષુઓના કલ્યાણ અર્થે નીચે પ્રમાણે આત્મસાધન બતાવવાની પ.પૂ. પ્રભુશ્રીજીને આજ્ઞા આપી હતી.

શ્રી લલ્લુજી સ્વામીને (પ્રભુશ્રીજીને) શ્રીમદે જણાવ્યું :

"જે કોઈ મુમુક્ષુભાઈઓ તેમ જ બહેનો તમારી પાસે આત્માર્થ સાધન માગે તેને આ પ્રમાણે આત્મહિતનાં સાધન બતાવવાં :

(૧) સાત વ્યસનના ત્યાગનો નિયમ કરાવવો.
(૨) લીલોતરીનો ત્યાગ કરાવવો.
(૩) કંદમૂળનો ત્યાગ કરાવવો.
(૪) અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરાવવો.
(૫) રાત્રિભોજનનો ત્યાગ કરાવવો.
(૬) પાંચ માળા ફેરવવાનો નિયમ કરાવવો.
(૭) સ્મરણ બતાવવું.
(૮) ક્ષમાપનાનો પાઠ અને વીસ દોહરાનું પઠન મનન નિત્ય કરવા જણાવવું.
(૯) સત્સમાગમ અને સત્શાસ્ત્રનું સેવન કરવા જણાવવું." –જીવનકળા (પૃષ્ઠ ૨૨૪)

અંત સમયમાં આજ્ઞા આપવાનો અધિકાર પ.પૂ. પ્રભુશ્રીજીએ પૂ.શ્રી બ્રહ્મચારીજીને ધર્મની સોંપણી કરી નીચે પ્રમાણે આપ્યો હતો.

"મુખ્ય બ્રહ્મચારી સોંપણી. (બ્રહ્મચારીજીને) કૃપાળુદેવ આગળ જવું. પ્રદક્ષિણા દઈને, સ્મરણ લેવા આવે તો ગંભીરતાએ લક્ષમાં રાખી લક્ષ લેવો, પૂછવું. કૃપાળુદેવની આજ્ઞાએ ને શરણાએ આજ્ઞા માન્ય કરાવવી."

'પ્રભુશ્રીજીએ ફરીથી શ્રી બ્રહ્મચારીજીને ખાનગીમાં પણ આ સોંપણી સંબંધી જણાવ્યું તે પ્રસંગે,'

"પ્રભુશ્રીજીની વીતરાગતા, અસંગતા તેમની મુખમુદ્રા આંખ વગેરેના ફેરફારથી સ્પષ્ટ તરી આવતી અને જાણે તે બોલતા નથી પણ દિવ્ય ધ્વનિના વર્ણનની પેઠે આપણે સાંભળીએ છીએ એમ લાગે :

'મંત્ર આપવો, વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ, સાત વ્યસન, સાત અભક્ષ્ય જણાવવાં. તને ધર્મ સોંપું છું.' "

(શ્રી બ્રહ્મચારીજીની નોંધપોથી) –ઉપદેશામૃત (પૃ.[૭૭])

# પ.ઉ.પ.પૂ. લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી) નું નિવાસસ્થાન



**"અમે તો ગુરુ થતા નથી. પણ સદ્‌ગુરુને બતાવી દઈએ છીએ."** -પ.પૂ. પ્રભુશ્રીજી (ઉ.પૃ.૨૯૬)

આ ઓરડો તે પ.પૂ. પ્રભુશ્રીજીનું નિવાસસ્થાન છે. જ્યાં અનેક ભવ્યાત્માઓ તેઓશ્રીની હાજરીમાં દર્શન કરી પાવન થયેલ છે.

વર્તમાનમાં આ ઓરડામાં પ્રવેશ કરતાં સામે ખૂણામાં દેખાતી પાટ તે પ.પૂ. પ્રભુશ્રીજીને સૂવા બેસવાનું સ્થાન હતું. તે ઉપર બેસી અનેકવાર અલૌકિક બોધનો ધોધ વરસાવી મુમુક્ષુઓને ઉપદેશામૃતનું પાન કરાવ્યું છે. એ પાટની પાછળ અડીને રહેલ કાચનું એક કબાટ નજરે પડે છે. તેમાં પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના ચિત્રપટનાં દર્શન થાય છે. તે કબાટમાં પ.પૂ. પ્રભુશ્રીજીના નખ, લોચના વાળ, દાઢ, શ્રુતિયંત્ર, સારણ ગાંઠનો પટ્ટો અને તેઓશ્રી હાથમાં રાખતા તે લાકડી મૂકવામાં આવેલ છે. તેઓશ્રીના હસ્તકમળથી લાલ પેન્સિલથી લખાયેલ એક પત્ર પણ કાચની ફ્રેમમાં મઢેલો ત્યાં જોવા મળે છે.

તદુપરાંત પરમકૃપાળુદેવે તેમના માતુશ્રી અને ધર્મપત્ની દ્વારા પ.પૂ. પ્રભુશ્રીજીને કાર્તિકેયાનુપ્રેક્ષા અને શ્રી દેવકરણજી મુનિને જ્ઞાનાર્ણવ ગ્રંથ સ્વાધ્યાય માટે વહોરાવેલ; તે હસ્તલિખિત દળદાર ગ્રંથો પણ અહીં દર્શનાર્થે રાખવામાં આવેલ છે.

આ ઓરડામાં બીજી નાની પાટ પણ બીજા ખૂણામાં મૂકેલી જણાય છે. તે પૂ.શ્રી બ્રહ્મચારીજીને સુવા માટેની હતી. રાત્રે પ.પૂ. પ્રભુશ્રીજીના ઓરડામાં પૂ. શ્રી બ્રહ્મચારીજી સિવાય કોઈને રહેવાની આજ્ઞા નહોતી.

પ.પૂ. પ્રભુશ્રીજી પર આવેલ પત્રોના જવાબ પ.પૂ. પ્રભુશ્રીજીની આજ્ઞા પ્રમાણે પૂ.શ્રી બ્રહ્મચારીજી રાતના અગિયાર બાર વાગ્યે પ.પૂ. પ્રભુશ્રીજી આરામ કર્યા પછી આ નાની પાટ પાસે બેસી બારથી દોઢ વાગ્યા સુધી લખતા હતા. અને ત્રણ વાગે પ.પૂ. પ્રભુશ્રીજી ઊઠે તેના પહેલા ઊઠી તેમની સેવામાં હાજર થઈ જતા. **'નિશદિન નૈનમેં નીંદ ન આવે, નર તબહિ નારાયન પાવે.'**(વ.પૃ.૪૮૯)

# પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું નિવાસસ્થાન



**"સદ્‌ગુરુમાં ભૂલ ન થવી જોઈએ. એમાં ભૂલ થઈ તો બધામાં ભૂલ થાય"** -પૂ.શ્રી બ્રહ્મચારીજી

## પૂજ્યશ્રી બ્રહ્મચારીજીની મુનિ જેવી દિનચર્યા

સં. ૨૦૦૬ પછી પૂજ્યશ્રી બ્રહ્મચારીજીનું કાયમનું નિવાસસ્થાન, જે ઓરડામાં પૂજ્યશ્રીના બે ચિત્રપટ દર્શનાર્થે મૂકેલા છે, તે દર્શનીય સ્થાન બની ગયું. આ ઓરડામાં મૂકેલ લાકડાની પાટ ઉપર ચટાઈ પાથરેલી રહેતી. તેના ઉપર પૂજ્યશ્રી બિરાજતા. સામે સત્સંગ અર્થે આવેલ મુમુક્ષુભાઈ બહેનો બેસતા. પૂજ્યશ્રી બોધ આપતા. કોઈને મંત્ર લેવાની ભાવના થાય તો મંત્ર વિષે સમજાવતા અને રાજમંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ લઈ જઈ સ્મરણમંત્રની આજ્ઞા આપતા. પૂજ્યશ્રીની બેસવાની તેમજ બોલવાની સહજ નિરભિમાની દશા અદ્‌ભુત હતી. તેઓશ્રી જ્યાં જાય ત્યાં એક નાની ચટાઈ પોણા બે બાઈ પોણા બે ફુટની જે પ.પૂ. પ્રભુશ્રીજીએ આપેલ હતી તે કાખમાં આજ્ઞારૂપે સાથે રાખતા અને તેના ઉપર જ બેસતા હતા. રાત્રે પણ પાટ ઉપર ચટાઈ ઉપર સૂતા.

બહારથી આવે ત્યારે રાજમંદિરમાં પ્રથમ પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ 'ઇરિયાવહી' સૂત્રનો કાઉસગ્ગ કરી ધ્યાન કરતા. પછી તેમના ઓરડામાં પ્રવેશ કરતા. તેઓશ્રી કદી સ્નાન કરતા નહીં. તેમની દિનચર્યા મુનિ જેવી હતી.

# પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના આજ્ઞાંકિત અંતેવાસી પૂજ્યશ્રી બ્રહ્મચારીજી



"એક
પરમકૃપાળુદેવની
શ્રદ્ધા જ
સુખકારી છે.
જેને તે શ્રદ્ધા આવી
તે દુઃખી હોતો નથી.
દુઃખ આવી પડે તો
દુઃખ માનતો નથી.
તેને
એક પ્રકારનો
આધાર મળ્યો છે."


—પૂ.શ્રી બ્રહ્મચારીજી

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી એક વાર બોધમાં જણાવે છે કે :—

"કૃપાળુદેવને ભજે છે, તો એના ઉપર વાત્સલ્યભાવ રાખવો. જે જીવનું કલ્યાણ થવાનું હોય તે જ જીવ કૃપાળુદેવને શરણે આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે કૃપાળુદેવને શરણે આવ્યા હોય તેના અમે દાસના દાસ છીએ. આપણે સેવા કરવી છે એમ ઇચ્છા રાખવી. મુમુક્ષુ છે તે સગાંવહાલા કરતાં પણ વધારે હિતકારી છે. વાત્સલ્ય અંગ તો પહેલું જોઈએ. બીજું કશું ન થાય અને વાત્સલ્યભાવ રાખે તોય તીર્થંકરગોત્ર બાંધે. એ ગુણ આપણામાં નથી તો લાવવો છે, એમ રાખવું. સમ્યક્ત્વ થાય એવા ગુણો મારામાં ન આવ્યા તો બધું પાણીમાં ગયું." —બોધામૃત ભાગ ૧ (પૃ. ૬૯૨)

પૂ. શ્રી બ્રહ્મચારીજીનો દેહોત્સર્ગ સંવત્ ૨૦૧૦ માં થયાને આજે છાસઠ વર્ષ થયા છતાં અને કોઈ ઉત્તરાધિકારી નહીં હોવા છતાં પણ આ આશ્રમમાં જ્ઞાનીની આજ્ઞા અનુસાર ભક્તિ, સત્સંગનો નિશ્ચિત કાર્યક્રમ એકધારો ચાલી રહ્યો છે. આ આશ્રમમાં આવનાર દરેકે માત્ર આત્માર્થે સત્સંગ, ત્યાગ, ભક્તિ આદિ અર્થે રહેવાનું છે. કોઈ પણ વિષય કષાય કે પ્રમાદ અર્થે આશ્રમમાં રહેવાની મનાઈ છે.

## પ.પૂ. પ્રભુશ્રીજી માટે બનેલ હાથથી ચાલતી લીફ્ટ



શ્રી હીરાભાઈ ઝવેરી એક બાહોશ મુમુક્ષુ હતા. તેમને એક જ પુત્રી હતી. તેનું નાની વયે જ મૃત્યુ થયું. એકવાર પૂનામાં તેમણે પ.પૂ. પ્રભુશ્રીજીને પૂછ્યું કે, આ મરણ શું છે? આ મોતનું કંઈ ઔષધ હશે? ત્યારે પ્રભુશ્રીજીએ કહ્યું– હા! અમે રોજ એ જ આપીએ છીએ. તેમના બોધ વડે શ્રદ્ધા થવાથી તેઓ પેરીસ છોડી આશ્રમમાં જ આવી રહેવા લાગ્યા. પ.પૂ. પ્રભુશ્રીજીને દાદરા ચઢતા પડતી મુશ્કેલીને જોઈ લીફ્ટ બનાવવાની તેમને ભાવના જાગી, પ્રભુશ્રીજીની આજ્ઞા લઈ લીફ્ટ બનાવી શકે એવા તેમના મિત્ર રમણભાઈને જણાવતાં તે કહે– હીરાભાઈ હું લીફ્ટ બનાવી આપીશ પણ તારા ગુરુને નમસ્કાર નહીં કરું હોં! હીરાભાઈ કહે મારે તો લીફ્ટનું પ્રયોજન છે. પછી રમણભાઈ આશ્રમ આવ્યા અને પ.પૂ. પ્રભુશ્રીજીના ઓરડામાં પગ મૂકતા જ સામે પ્રભાવશાળી સંતના દર્શન થતાં હાથ જોડાઈ ગયા અને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કર્યા અને જીવનપર્યંત પરમકૃપાળુદેવની ભક્તિમાં જોડાઈ રહ્યા.

# અગાસ આશ્રમમાં ઉપલબ્ધ વ્યવસ્થા સંબંધીની વિગત



## મુખ્ય કાર્યાલય - ઓફિસ

આ કાર્યાલય આશ્રમના સભામંડપની સામે જ આવેલ છે. અહીંયા સઘળાં વહીવટી કાર્યો થાય છે. વિવિધ પ્રકારના દાન-ભેટની રસીદો અહીંથી અપાય છે. આશ્રમના સર્વ પ્રકારના કાર્યાલયોનો સમય સવારના ૮ થી ૧૨ અને સાંજે ૨ થી ૬ છે.



## ઉતારા વિભાગ

આ વિભાગ આશ્રમના બીજા પ્રવેશદ્વારની બાજુમાં નૂતન ધર્મશાળામાં આવેલ છે. નવીન આવેલ મુમુક્ષુઓને ઉતારાની સગવડ અહીંથી કરાય છે. આશ્રમમાં નવા આવનાર તેમજ અહીં રહેનાર મુમુક્ષુઓને આશ્રમના નિયમાનુસાર રહેવું આવશ્યક છે, તથા ભક્તિમાં ભાગ લેવો જરૂરી છે.

## પુસ્તક વિતરણ કેન્દ્ર




આશ્રમ દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં લગભગ ૧૨૫ પુસ્તકોનું પ્રકાશન થાય છે; તેનું વિતરણ અહીંથી કરાય છે. ત્યાંથી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર, પ.ઉ.પ.પૂ પ્રભુશ્રીજી અને પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના ચિત્રપટો, માળા, પંચાગ આદિનું પણ વિતરણ થાય છે.



## સુવિધા કેન્દ્ર

ઈલેક્ટ્રીક, પ્લમ્બરીંગ, સુથારીકામ, તથા પૂછપરછ ઈત્યાદિ કામો માટે સુવિધા કેન્દ્રની વ્યવસ્થા છે.

## ભોજનશાળા




સવારે ચા, દૂધ આદિની વ્યવસ્થા ઉપલબ્ધ છે.
બપોરના લગભગ ૧૨ વાગ્યે ભક્તિ ઊઠ્યાં પછી ભોજનશાળામાં સામૂહિક ભોજનની વ્યવસ્થા છે; અને સાંજે લગભગ ૫ વાગ્યે ચોવિહારની વ્યવસ્થા છે. રાત્રિભોજનનો આશ્રમમાં નિષેધ છે.
ભોજનના પાસ સવારે લગભગ ૧૦ વાગ્યે અને સાંજે ૪ વાગ્યે લઈ શકાય છે.
બપોરના ૨ વાગ્યે ચા ની વ્યવસ્થા રસોડામાં ઉપલબ્ધ છે.



## ભોજન સામગ્રી કેન્દ્ર

આશ્રમના રસોડા વિભાગની સામે આવેલ છે.
ત્યાંથી ઘેર ભોજન બનાવવા માટેની સામગ્રી અને ખાખરા વગેરે પણ મેળવી શકાય છે.

## આખા અગાસ આશ્રમનું આકાશમાંથી દેખાતું દૃશ્ય



**"કદાપિ કોઈ રીતે
તેમાંનું
કંઈ કરીએ તો
તેવું સ્થાન ક્યાં છે
કે જ્યાં જઈને રહીએ ?"**
શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૧૨૮)

**"આપણા માટે તો
પ.પૂ. પ્રભુશ્રીજીએ
એવું સ્થાન બનાવી
સમાધિમરણનું
થાણું થાપ્યું છે."**
પૂ. શ્રી બ્રહ્મચારીજી
(પત્રસુધા પત્રાંક ૧૦૦૧)

**અગાસ આશ્રમમાં આવવાના માર્ગો :–**

**રેલ માર્ગ :–** આણંદ સ્ટેશનથી, ખંભાત જતી ટ્રેન દિવસમાં આઠ વાર આવે છે અને આઠ વાર જાય છે. સવારના લગભગ ૫-૦૦, ૭-૧૫, ૯-૨૦, ૧૧-૨૦, ૧-૩૦, ૩-૩૦, ૫-૫૦ અને ૮-૧૫ વાગ્યે આણંદથી ઉપડે છે. આણંદથી ત્રીજું સ્ટેશન અગાસ છે. અગાસ સ્ટેશનની સામે જ આ આશ્રમ આવેલો છે.

અગાસ આશ્રમથી આણંદ જવા માટે લગભગ સવારના ૫-૫૦ વાગ્યે, ૮-૦૦, ૧૦-૨૦, ૧૨-૩૦, ૨-૩૦, ૪-૪૦, ૬-૫૦, ૯-૧૦ વાગ્યે ટ્રેન મળે છે. ટાઈમ બદલાઈ પણ શકે છે.

**રોડ માર્ગ:–** અમદાવાદ અથવા વડોદરાથી આણંદ થઈ વિદ્યાનગર, કરમસદ, સંદેસર થઈને અગાસ સ્ટેશન અવાય છે. અગાસ ગામમાં જવું નહીં, અગાસ સ્ટેશન સામે જ આ આશ્રમ છે.

**હવાઈ માર્ગ:–** નજીક એરપોર્ટ–વડોદરા, અમદાવાદથી ટેક્સી કરીને આવી શકાય છે.

**અગાસ આશ્રમના સંપર્ક સાધવાના પ્રકારો**

**૧. પોસ્ટનું સરનામું –** શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટેશન અગાસ, પોસ્ટ બોરીયા, વાયા આણંદ
(ગુજરાત) પીનકોડ નં - ૩૮૮૧૩૦

**૨. કુરિયર અથવા આંગડીયા માટેનું સરનામું-**
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
c/o ચશ્માઘર, સ્ટેશન રોડ, આણંદ
(ગુજરાત) પીનકોડ નં. ૩૮૮૦૦૧

૩. Email Id - info@agasashram.org

**૪. ફોન કરવા માટેના નંબરો -** ૦૨૬૯૨ - ૨૮૧ ૭૭૮, ૦૨૬૯૨ - ૨૮૧ ૮૦૦

**પ્રકાશક –** શ્રી ભરતભાઈ એમ. મોદી
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

**દ્વિતીય આવૃત્તિ–** પ્રત ૩૦૦૦, વિ.સં. ૨૦૭૭
**લાગત કિંમત–** રૂા. ૫૦/- **વેચાણ કિંમત–** રૂા. ૧૦/-

**તમે કોઈ પ્રકારે આ પુસ્તકની આશાતના કરશો નહીં, નીચે જમીન ઉપર મૂકશો નહીં.**